## પત્રક ભાગ–૨

## પંદરમી ગુજરાત વિધાનસભા

## સોમવાર, તા.૦૩/૦૮/૨૦૨૬

### ૨૯૩. પંદરમી ગુજરાત વિધાનસભાના નવમા સત્ર દરમિયાન તારાંકિત પ્રશ્નો પૂછવા માટેના દિવસોનો કાર્યક્રમ

પંદરમી ગુજરાત વિધાનસભાના નવમા સત્ર દરમિયાન તારાંકિત પ્રશ્નો પૂછવા માટેના દિવસોનો કાર્યક્રમ મંગળવાર, તા.૮મી સપ્ટેમ્બર–૨૦૨૬ થી ગુરૂવાર, તા.૧૦મી સપ્ટેમ્બર–૨૦૨૬ સુધીનો માનનીય અધ્યક્ષશ્રીએ આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબનો ઠરાવ્યો છે.

માનનીય મંત્રીશ્રીના નામ સામે આસન–૨માં જે તારીખ દર્શાવી છે તે તારીખે સંબંધકર્તા મંત્રીશ્રી ગૃહમાં પ્રશ્નોના જવાબ આપશે. આ માટેના પ્રશ્નોની સૂચના વહેલામાં વહેલી કઇ તારીખે અને મોડામાં મોડી કઇ તારીખે આ સચિવાલયને મળવી જોઇએ તે તારીખ અનુક્રમે આસન–૩ અને આસન–૪ માં દર્શાવી છે.

જે મંત્રીશ્રીને સંબોધીને પ્રશ્ન પૂછવાનો હોય તેમનો સત્તાવાર હોદ્દો અને જવાબ મેળવવાની ચોકકસ તારીખ જે સૂચનામાં દર્શાવવામાં નહીં આવી હોય તેવી સૂચના વિચારણામાં લેવાનું શકય બનશે નહીં.

વધુમાં ઠરાવેલ દિવસના પ્રશ્નો સંબંધમાં સભ્યોનો અગ્રતાક્રમ નકકી કરવા માટેનું બેલેટ અગાઉના અઠવાડિયાના તે જ દિવસે બપોરના ૨–૦૦ કલાકે પ્રશ્ન શાખાનું કામ સંભાળતા **નાયબ સચિવશ્રી મેરામણ કરંગીયા**ની ચેમ્બરમાં યોજવામાં આવશે. જો તે દિવસ રજાનો હશે તો બેલેટ તેના અગાઉના કામકાજના દિવસે યોજવામાં આવશે.

**માનનીય અધ્યક્ષશ્રીની સૂચના અનુસાર Neva(નેવા)માં ઓનલાઇન માધ્યમથી તારાંકિત પ્રશ્નોની સૂચના સ્વીકારવામાં આવશે.**

માનનીય સભ્યશ્રીઓ પ્રશ્નોની સૂચના મોકલતી વખતે આ બાબતો અંગે કાળજી રાખશે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ચેતન પંડયા**
**સચિવ**
**ગુજરાત વિધાનસભા**

## પ રિ શિ ષ્ટ

| લાગતા વળગતા મંત્રી અને તેમના ખાતા | પ્રશ્નોના મૌખિક જવાબ આપવા માટે ઠરાવેલ દિવસ | પ્રશ્નોની સૂચના મળવાનો પહેલો દિવસ | પ્રશ્નોની સૂચના મળવાનો છેલ્લો દિવસ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |

**જૂથ-૧**

| | | | |
|---|---|---|---|
| **૧. શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ,** માનનીય મુખ્યમંત્રીશ્રી: (સામાન્ય વહીવટ, વહીવટી સુધારણા અને તાલીમ, આયોજન, બિન નિવાસી ગુજરાતીનો પ્રભાગ, મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન, માર્ગ અને મકાન અને પાટનગર યોજના, નર્મદા, કલ્પસર, ખાણ અને ખનિજ, બંદરો, માહિતી અને પ્રસારણ, તમામ નીતિ વિષયક બાબતો અને અન્ય કોઇ મંત્રીશ્રીઓને ન ફાળવેલ વિષયો)<br><br>**૨. શ્રી ઋષિકેશ પટેલ :** (ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ, વૈધાનિક અને સંસદીય બાબતો)<br><br>**૩. શ્રી ઈશ્વરસિંહ પટેલ:** (રાજ્યકક્ષા)(સ્વતંત્ર હવાલો) (જળ સંપત્તિ, પાણી પુરવઠા)<br><br>**૪. ડૉ. મનિષા વકીલ:** (રાજ્યકક્ષા)(સ્વતંત્ર હવાલો) (મહિલા અને બાળ કલ્યાણ) | **મંગળવાર તા.૦૮/૦૯/૨૦૨૬** | --- | ***મંગળવાર તા.૧૧/૦૮/૨૦૨૬** |

| લાગતા વળગતા મંત્રી અને તેમના ખાતા | પ્રશ્નોના મૌખિક જવાબ આપવા માટે ઠરાવેલ દિવસ | પ્રશ્નોની સૂચના મળવાનો પહેલો દિવસ | પ્રશ્નોની સૂચના મળવાનો છેલ્લો દિવસ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |

**જૂથ-૨**

| | | | |
|---|---|---|---|
| **૧. શ્રી હર્ષ સંઘવી,**<br>માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી:<br>(ગૃહ, પોલીસ હાઉસીંગ, જેલ, સરહદી સુરક્ષા, ગૃહ રક્ષક દળ અને ગ્રામ રક્ષક દળ, નાગરિક સંરક્ષણ, નશાબંધી અને આબકારી, વાહનવ્યવહાર, કાયદો અને ન્યાયતંત્ર, રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, ઉદ્યોગ, લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગો, મીઠા ઉદ્યોગ, છાપકામ અને લેખનસામગ્રી, પ્રવાસન અને યાત્રાધામ વિકાસ, નાગરિક ઉડ્ડયન)<br><br>**૨. શ્રી નરેશભાઈ પટેલ:**<br>(આદિજાતી વિકાસ, ખાદી, કુટીર અને ગ્રામોધોગ)<br><br>**૩. શ્રી પ્રફુલ પાનસેરીયા :**<br>(રાજ્યકક્ષા)(સ્વતંત્ર હવાલો)<br>(આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ) | **બુધવાર**<br>**તા.૦૯/૦૯/૨૦૨૬** | **---** | ***મંગળવાર**<br>**તા.૧૧/૦૮/૨૦૨૬** |

| લાગતા વળગતા મંત્રી અને તેમના ખાતા | પ્રશ્નોના મૌખિક જવાબ આપવા માટે ઠરાવેલ દિવસ | પ્રશ્નોની સૂચના મળવાનો પહેલો દિવસ | પ્રશ્નોની સૂચના મળવાનો છેલ્લો દિવસ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| **જૂથ–૩** | | | |
| **૧. શ્રી કનુભાઈ દેસાઈ :** (નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ)<br><br>**૨. શ્રી જીતુભાઇ વાઘાણી :** (કૃષિ અને ખેડુત કલ્યાણ, સહકાર, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, પ્રોટોકોલ)<br><br>**૩. શ્રી કુંવરજીભાઇ બાવળીયા :** (શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર, ગ્રામ વિકાસ)<br><br>**૪. શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા :** (વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી)<br><br>**૫. ડૉ. પ્રદ્યુમન વાજા :** (સામાજિક ન્યાય અને અધિકારીતા, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ)<br><br>**૬. શ્રી રમણભાઇ સોલંકી :** (અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતો) | **ગુરૂવાર તા.૧૦/૦૯/૨૦૨૬** | --- | ***મંગળવાર તા.૧૧/૦૮/૨૦૨૬** |

* પંદરમી ગુજરાત વિધાનસભાનું નવમું સત્ર ટૂંકી મુદતથી બોલાવવામાં આવ્યું હોવાથી જૂથ–૧ થી જૂથ–૩ માટે તારાંકિત પ્રશ્નોની સૂચનાઓ મોડામાં મોડી કઇ તારીખ સુધીમાં આ સચિવાલયને પહોંચતી કરી શકાય તે માટેની મુદતમાં માનનીય અધ્યક્ષશ્રીએ છૂટછાટ મૂકીને **મંગળવાર, તા. ૧૧મી ઓગષ્ટ, ૨૦૨૬** નક્કી કરેલ છે.

******************************